## (1) એન્ટિ-વાયરલ નેનો-કોટીંગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કોટીંગને COVID-19 માટે વપરાતાં માસ્ક પર લગાવવાની મંજૂરી આપવામાં આવી છે.
(2) N9 બ્લૂ સિલ્વરના ઉપયોગ દ્વારા આ કોટીંગ બનાવવામાં આવ્યું છે.
(3) આ કોટીંગની અસરકારકતા 95% જેટલી છે.
(4) N9 બ્લૂ સિલ્વર IIT-બોમ્બે દ્વારા બનાવવામાં આવેલ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા COVID-19 માટેના માસ્કમાં એન્ટિ–વાયરલ નેનો–કોટીંગ વાપરવાની મંજૂરી આપવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ N9 બ્લૂ સિલ્વરમાંથી એન્ટિ–વાયરલ નેનો–કોટીંગ બનાવવામાં આવ્યું છે. આ કોટીંગની ઝિંક સાથેની પ્રક્રિયાથી નેનોકોમ્પ્લેક્ષ બનાવવામાં આવે છે. ત્યારબાદ તેને માસ્ક તથા PPE કિટ્સ પર કોટીંગ સ્વરૂપે લગાવવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ કોટીંગ ઘણાં બધા સ્તરોએ કાર્ય કરી શકે છે તથા તેની અસરકારકતા 99.99% છે. ઉપરાંત તે એક જ સમયે બેક્ટેરિયા, વાયરસ તથા ફૂગ સામે રક્ષણ આપે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ કોટીંગને વિવિધ સપાટી પર લગાવી શકાય છે. જેમ કે, ગ્લાસ, ધાતુ, પત્થર, કાપડ, પ્લાસ્ટિક વગેરે.

⇛ IIT-દિલ્હીમાં આવેલી સ્મિતા રિસર્ચ લેબમાં N9 બ્લૂ સિલ્વર બનાવવામાં આવેલ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (PCI) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનો ઉદ્દેશ પ્રેસની સ્વતંત્રતા જાળવવાનો છે.
(2) તેના બંધારણમાં એક ચેરમેન અને 9 સભ્યો હોય છે.
(3) રાષ્ટ્રપતિ દ્વારા PCIના ચેરમનની પસંદગી કરવામાં આવે છે.
(4) તે ટેલિવિઝન તથા પ્રિન્ટ મિડિયાનું નિયંત્રણ કરી શકે છે પરંતુ ઈન્ટરનેટ મિડિયાનું નિયંત્રણ કરી શકતી નથી.

(A) માત્ર (2) અને (3) (B) માત્ર (1)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ PCIની સ્થાપના 1978ના PCI અધિનિયમ હેઠળ કરવામાં આવેલી છે.

⇛ તેનો ઉદ્દેશ : પ્રેસની સ્વતંત્રતા જાળવવી તથા સમાચારપત્રો અને તેની સંસ્થાઓના ધોરણો જાળવવા તથા સુધારવા. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેના બંધારણમાં એક ચેરમેન તથા 28 સભ્યો હોય છે. ચેરમેનની પસંદગી લોકસભાના સ્પીકર, રાજ્યસભાના ચેરમેન તથા PCIના એક સભ્ય દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. (આથી, વિધાન (2) તથા (3) ખોટાં છે.)

⇛ PCIની સત્તાની મર્યાદાઓ :

- તે માત્ર જાહેર થયેલી ગાઈડલાઈનનું અમલીકરણ કરાવી શકે છે. આ ગાઈડલાઈનનું ઉલ્લંઘન થતા તે સમાચારપત્રો, તેની સંસ્થાઓ, તેના એડીટર્સ કે પત્રકારને સજા આપી શકતી નથી.
- તે માત્ર પ્રિન્ટ મિડિયાના કાર્યોની દેખરેખ રાખી શકે છે પરંતુ ઈલેક્ટ્રોનિક (રેડિયો, ટેલિવિઝન અને ઈન્ટરનેટ) મિડિયા પર તેની કોઈ સત્તા નથી.

(આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (3) 'ઓપરેશન ટ્વિસ્ટ' (Operation Twist) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ઓપરેશન ભારતમાં પ્રથમ વખત વર્ષ 2008-09ની મંદી દરમિયાન કરવામાં આવ્યું હતું.
(2) આ ઓપરેશન RBI દ્વારા કરવામાં આવે છે.
(3) આ અંતર્ગત RBI મુક્ત બજારના કાર્યો (Open Market Operations) કરે છે.
(4) આ ઓપરેશન મૂળ રીતે યુ.એસ. દ્વારા ડોલરને મજબૂત બનાવવા માટે કરવામાં આવ્યું હતું.

(A) માત્ર (1), (2) અને (4) (B) માત્ર (3)
(C) માત્ર (2), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ RBI મુક્ત બજારના કાર્યો હેઠળ એકસાથે સરકારી સિક્યુરીટીનું વેચાણ તથા ખરીદી 27 એપ્રિલના રોજ કરશે જેથી ભારતીય બજારમાં તરલતા આવી શકે. આવા ઓપરેશનને 'ઓપરેશન ટ્વિસ્ટ' કહેવામાં આવે છે. જેનો ઉપયોગ RBI દ્વારા પ્રથમ વખત ડિસેમ્બર 2019માં કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ આ પ્રક્રિયા હેઠળ ટૂંકા–ગાળાની સિક્યુરિટીને લાંબાગાળાની સિક્યુરિટીમાં બદલવામાં આવે છે.

⇛ આ પ્રકારનું ઓપરેશન સૌપ્રથમ 1961માં યુ.એસ.ની કેન્દ્રિય બેંક દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ ડોલરને મજબૂત બનાવવાનો અને દેશમાં તરલતા વધારવાનો હતો. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) કૃષિ કલ્યાણ અભિયાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ અભિયાન દેશના દરેક જિલ્લામાં કાર્યરત છે.
(2) આ અભિયાન વર્ષ 2014થી કાર્યરત છે.
(3) આ અભિયાન ગ્રામ્ય વિકાસ મંત્રાલય હેઠળનું છે.
(4) આ અભિયાનનો હેતુ વિવિધ પાકની ગુણવત્તા સુધારવાનો છે.

(A) માત્ર (2) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) આપેલ તમામ
(D) આપેલ પૈકી એક પણ નહીં

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ દેશના 112 આસ્પીરેશનલ જિલ્લાઓમાં કૃષિ કલ્યાણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ અભિયાન વર્ષ 2018થી કૃષિ મંત્રાલય હેઠળ કાર્યરત છે. (આથી, વિધાન (2) અને (3) ખોટાં છે.)

⇛ આ અભિયાનનો હેતુ ખેડૂતોને ખેતીની પદ્ધતિઓમાં મદદ કરીને તથા આ પદ્ધતિઓમાં સુધારો કરીને ખેડૂતોની આવકમાં વધારો કરવાનો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ અભિયાનની દેખરેખ તથા તેનું અમલીકરણ તે જિલ્લામાં આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે.

⇛ આ અભિયાન હેઠળની કેટલીક પ્રવૃત્તિઓ :

- સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ
- FMD (Foot and Mouth Disease) માટે પશુઓનું રસીકરણ
- કઠોળ તથા તેલીબીયા માટે મિનિ–કીટનું વિતરણ
- સૂક્ષ્મ–સિંચાઈનું પ્રદર્શન
- એકીકૃત પાક પદ્ધતિનું પ્રદર્શન વગેરે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(5) 'પંચાયતી રાજ દિવસ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 2010થી કરવામાં આવી હતી.
(2) દર વર્ષે 24 એપ્રિલના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.
(3) આ વર્ષે પંચાયતી રાજના દિવસે પ્રધાનમંત્રીશ્રી દ્વારા ઈ–ગ્રામ સ્વરાજ એપ્લિકેશન તથા પોર્ટલ લોન્ચ કરવામાં આવેલ છે.
(4) આ દિવસ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા ઉજવવામાં આવે છે.

(A) માત્ર (2), (3) અને (4)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ પંચાયતી રાજના દિવસે પ્રધાનમંત્રી દ્વારા ઈ–ગ્રામ સ્વરાજ એપ્લિકેશન અને પોર્ટલ તથા સ્વામિત્વ યોજના લોન્ચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 2010થી કરવામાં આવી હતી. 24 એપ્રિલના રોજ 73મો બંધારણીય સુધારો અમલમાં મુકવામાં આવ્યો હોવાથી દર વર્ષે 24 એપ્રિલના રોજ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા આ દિવસ ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (1), (2) એન (4) સાચાં છે.)

⇛ ઉપરાંત આ દિવસે મંત્રાલય દ્વારા નીચેના એવોર્ડ પણ આપવામાં આવે છે :–

- ઈ–પંચાયત પુરસ્કાર
- નાનજી દેશમુખ રાષ્ટ્રીય ગૌરવ ગ્રામ સભા પુરસ્કાર
- ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન એવોર્ડ
- દીનદયાલ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર વગેરે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT